**જીતો દ્વારા જૈન વિદ્યાર્થીઓ માટે સરળ શૈક્ષણિક લોન વ્યવસ્થાની જાહેરાત**

શિક્ષણ એ સાચી પ્રગતિનો આધારસ્તંભ છે અને સમાજમાં સકારાત્મક પરિવર્તનને શિક્ષણ સહુથી વધુ અસરકારક રીતે પ્રવેગી બનાવે છે. જીતોનાં અભિયાન સૂત્રોમાં શિક્ષણને ચાવીરૂપ સ્થાન આપવામાં આવ્યું છે. શૈક્ષણિક પ્રોત્સાહનના લક્ષ્ય સાથે જીતોએ સરળ શૈક્ષણિક લોન યોજનાની જાહેરાત કરી છે, જે જૈન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિમાં સહાયક બનશે. આ વિદ્યોતેજક કાર્યક્રમને જીતો એજ્યુકેશનલ લોન પ્રોગ્રામ (જેઇએલપી) નામ આપવામાં આવ્યું છે.

જીતો દ્વારા શ્રી નરેન્દ્રકુમાર એ. બલદોટાની જેઇએલપીના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી બલદોટા ઉપરાંત અન્ય સમિતિ સદસ્યોમાં શ્રી વિરેન્દ્ર શાહ, શ્રી સુભાષ રુનવાલ, શ્રી પન્નાલાલ સુરાણા, ડૉ. બિપિન દોશી, શ્રી સુમતીમલ કર્ણાવત, શ્રી ભદ્રેશ મહેતા અને શ્રી સમીત ઝવેરીનો સમાવેશ થાય છે.

જેઇએલપી કમિટીના અધ્યક્ષ શ્રી નરેન્દ્રકુમાર એ. બલદોટાએ જેઇએલપીના ઉદ્‌ઘાટન સમારંભમાં જણાવ્યું હતું કે સામાજિક આર્થિક સશક્તિકરણ માટે શિક્ષણથી વધુ અસરકારક કોઇ સાધન નથી. શિક્ષણમાં માત્ર શિક્ષિત વ્યક્તિની જ નહીં પરંતુ તેના સમગ્ર પરિવારની તક્દીર બદલવાની તાકાત છે. આ યોજનાની મુખ્ય વિશિષ્ટતા આકર્ષક અને પોસાય તેવો વ્યાજનો દર છે.

જેઇએલપી હેઠળ જીતોએ ઓરિયેન્ટલ બેન્ક ઓફ કોમર્સ (ઓબીસી) સાથે જૈન વિદ્યાર્થીઓના શૈક્ષણિક સશકિતકરણની વ્યવસ્થા કરી છે. તે અન્વયે વ્યાજના ખાસ આકર્ષક દરોએ આંતરરાષ્ટ્રીય શિક્ષણ માટે રૂ. ૨૦ લાખ સુધીની અને ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૧૦ લાખ સુધીની લોન આપવાની જોગવાઇ કરી છે. જે વિદ્યાર્થીઓ રૂ. ૧ લાખ સુધીની શૈક્ષણિક લોન લેશે, જીતો તેમના વ્યાજની ચુકવણીમાં નોંધપાત્ર યોગદાન આપશે અને છોકરાઓને ૫% વ્યાજે અને છોકરીઓને ૪.૫% વ્યાજે લોન મળશે.

શ્રી નરેન્દ્રકુમાર એ. બલદોટાએ સંસ્થાની આ યોજના પાછળના હેતુઓને સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે આ વ્યવસ્થા નાણાકીય સ્ત્રોતોની તંગીને કારણે એક પણ જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તેવા જીતોના સંકલ્પિત પ્રયાસોનું પરિણામ છે. તેમણે જેઇએલપીની વધુ છણાવટ કરતાં જણાવ્યુ હતું કે આ યોજનાના માધ્યમથી જીતો જરૂરિયાતમંદ જૈન વિદ્યાર્થીઓને પીઠબળ પ્રદાન કરવાની સાથે અન્ય જૈન વિદ્યાર્થીઓને ઉચ્ચતમ શિક્ષણનું લક્ષ્ય રાખવા અને શૈક્ષણિક કારકિર્દી પ્રત્યે મહત્ત્વકાંક્ષી બનવા ઉત્પ્રેરિત કરવા માગે છે. જીતોના અધ્યક્ષ શ્રી હેમંત શાહે જણાવ્યુ હતું કે આ વ્યવસ્થા હેઠળ વર્તમાન વર્ષમાં રૂ. ૨૫ કરોડ સુધીની શૈક્ષણિક લોનનું વિતરણ થશે અને આગામી વર્ષમાં લોન વિતરણ રૂ. ૫૦ કરોડના આંકે પહોંચશે તેવી શકયતા છે.

મે/સ ક્રેડિલા, જેનું નેતૃત્વ શ્રી અજય બોહરા કરે છે તે આ યોજના હેઠળ જીતો વતી અરજદારોની લોન અરજીઓની ચકાસણી કરશે. આ કાર્યવાહીને વધુ સરળ બનાવવા જીતોએ ખાસ એજન્સી ક્રેડિલાની નિમણૂક કરી છે, જે લોન ઈચ્છુક વિદ્યાર્થીઓને અરજીપત્રક ભરવામાં અને લોનના સમયસર વિતરણ માટે બેન્ક સાથેના ફોલોઅપમાં મદદ કરશે.

આ શૈક્ષણિક લોન મેળવવાની ઇચ્છા ધરાવતા જૈન વિદ્યાર્થીઓ અને વાલીઓને www.jito.org પર ઑનલાઇન અરજીપત્રક ભરવા અથવા નીચે જણાવેલા સરનામે જીતોનો સંપર્ક કરવા વિનંતી છે :

જીતોઃ જેઇએલપી<br>
૫, બીજો માળ, ૭/૧૦, બોટાવાલા બિલ્ડિંગ, હોર્નિમાન સર્કલ,<br>
ફોર્ટ, મુંબઇ - ૪૦૦ ૦૨૩.<br>
ફોનઃ + ૯૧-૨૨-૬૬૧૦૨૦૦૩/૦૪ ૬૧૪૦૯૮૪૮ ૨૨૬૨૫૭૭૪/૭૬<br>
ફેકસઃ + ૯૧-૨૨-૬૬૧૦૨૦૯૭<br>
ઇમેઇલઃ contact@.jito.org or jelp@jito.org

ક્રેડીલા ફાઇનાન્શિયલ સર્વિસીસ પ્રા. લી. (જીતો)<br>
બી -૩૦૧, સિટી પોઈન્ટ,<br>
અંધેરી - કુર્લા રોડ,<br>
કોહિનૂર કોન્ટિનેન્ટલની બાજુમાં<br>
અંધેરી (ઈસ્ટ),<br>
મુંબઈ -૪૦૦૦૫૯<br>
www.credila.com